# 13th BRICS Summit

September 06, 2021

---

# 13મી બ્રિક્સ બેઠક

સપ્ટેમ્બર 06, 2021

1. 2021માં બ્રિક્સ ખાતે ભારતના વર્તમાન અધ્યક્ષપદના ભાગરૂપે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 9 સપ્ટેમ્બર 2021ના રોજ વર્ચ્યુઅલ સ્વરૂપે 13મી બ્રિક્સ બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે. આ બેઠકમાં બ્રાઝિલના પ્રેસિડન્ટ જાઈર બોલ્સાનારો, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ, સાઉથ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવલ, ન્યુ ડેવલપમેન્ટ બેન્કના રાષ્ટ્રપતિ માર્કોસ ત્રોયજો, બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલના હાલના સમય પૂરતા અધ્યક્ષ ઓનકાર કંવર અને બ્રિક્સ બિઝનેસ એલાયન્સના હાલના સમય પૂરતા અધ્યક્ષ ડૉ. સંગીતા રેડ્ડી નેતાઓને પોતપોતાના ટ્રેક હેઠળના પરિણામો વિશે જણાવશે.

2. આ બેઠકની થિમ છે **‘BRICS@15: ઈન્ટ્રા-બ્રિક્સ કોઓપરેશન ફોર કન્ટીન્યુઈટી, કોન્સોલિડેશન એન્ડ કન્સેન્સસ’**. ભારતે તેના અધ્યક્ષપદ માટે પ્રાથમિકતાના ક્ષેત્રો નક્કી કર્યા છે. બહુસ્તરીય સિસ્ટમમાં સુધારા, ત્રાસવાદનો સામનો, એસડીજી મેળવવા માટે ડિજિટલ અને ટેક્નોલોજિકલ સાધનોનો ઉપયોગ અને લોકોથી લોકો વચ્ચે આદાનપ્રદાનનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રો ઉપરાંત નેતાઓ કોવિડ-19 મહામારીની અસર અને અન્ય વૈશ્વિક તથા પ્રાદેશિક મુદ્દાઓ પર પણ વિચારવિમર્શ કરશે.

3. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજી વખત બ્રિક્સ બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે. અગાઉ તેમણે 2016માં ગોવા ખાતે મંત્રણાનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. ચાલુ વર્ષે બ્રિક્સમાં ભારતનું અધ્યક્ષપદ એવા એવા સમયે આવી રહ્યું છે જ્યારે બ્રિક્સની પંદરમી વર્ષગાંઠ ઉજવાઈ રહી છે, જે આ મંત્રણાની થિમમાંથી પ્રતિબિંબિત થાય છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 06, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.